# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા **–ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૧૯** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 19**

**પ્ર. : ૧. સામા. પ્રતિ., કર્મગ્રંથ – ૨ ના આધારે જવાબ લખો :**

**(અ) નીચેના શબ્દોના અર્થ લખો :**

(૧) સંઘાઈયા, સિજ્જંસ, સયંસંબુદ્ધાણં, સમાણે, સામાઈએ, સુત્તાગમે, સમયં, સદ્દેણં સંકિએ, સચ્ચં.

**જવાબ : (અ) (૧) સંઘાઇયાઃ એકબીજાના શરીર સાથે અથડાવ્યા હોય (૨) સિજ્જસંઃ શ્રેયાંસનાથ સ્વામીને (૩) સંયસંબુદ્ધાંણંઃ પોતાની મેળે જ સમ્યગ્ બોધને પામેલા (૪) સમાણે : મળ્યેથી (૫) સામાઈએ : સમતારૂપ સમાયિક વિશે (૬) સુત્તાગમે-સૂત્રરૂપ આગમ (૭) સમયં- સમ્મત - માનવા યોગ્ય (૮) સદ્દેણં - શબ્દથી (વિકારી શબ્દો સાંભળવાથી) (૯) સંકિએ-શંકાવાળો આહાર લેવા પડે. (૧૦) સચ્ચં-સત્ય છે.**

(૨) <u>નીચેના વાક્યો કયા પાપસ્થાનકના છે :</u>

(૧) શાક સમારવું

**જ. (૧) પ્રાણાતિપાત**

(૨) ચોરબજારમાંથી ચંપલની ખરીદી કરી

**જ. (૨) અદત્તાદાન**

(૩) શીતલામાતાની સાતમ કરવી

**જ. (૩) મિચ્છાદંસણ સલ્લં**

(૪) ક્રોધના આવેશમાં ગાળો બોલવી.

**જ. (૪) ક્રોધ**

(૩) <u>નીચેનામાં સંમૂર્ચ્છિમ મનુષ્યનો કયો પ્રકાર લાભે ?</u>

(૧) ગૂમડાનું પરૂ જ્યાં ત્યાં ફેંકવાથી (૨) ધારાવીની ખાડીમાં (૩) કૂતરાની વિષ્ટામાં (૪) કે. ઇ. એમ.ના મડદાઘરમાં રહેલા મડદામાં.

**જ. (૧) પૂએસુ વા (૨) નગર નિદ્ધમણેસુ (૩) એકે નહિ (૪) વિગય જીવ કલેવરેસુ**

(૪) (અ) જીવ અંગૂઠા જેવડો છે (બ) સાધુના ઉપકરણો પરિગ્રહ છે. આ બંને વાક્યો કયા મિથ્યાત્વના છે ?

**જ. (અ) જિન માર્ગથી ઓછું પ્રરૂપેતે મિથ્યાત્વ**

**(બ) ધર્મને અધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ.**

**(બ) કર્મગ્રંથ :**

(૧) પેપર લખનાર શ્રાવક-શ્રાવિકા તમને નીચેની પ્રકૃતિનો બંધ કેટલા ને કયા ગુણસ્થાન સુધી થાય – (અ) મતિજ્ઞાનાવરણીય (બ) તિર્થંકર નામ (ક) આહારક શરીર (ડ) સાદિ સંસ્થાન.

**જ. (૧) મતિજ્ઞાનાવરણિય અને તીર્થંકર નામકર્મ બેનો બંધ પાંચમા ગુણસ્થાને થાય. અમારૂં પાંચમું ગુણસ્થાન છે માટે આહારક શરીર સાતમે બંધાય માટે અમે ન બાંધીએ અને સાદિ સંસ્થાન બીજા સુધી જ બંધાય છે માટે અમે ન બાંધીએ.**

(૨) છ સંઘયણ, ત્રણ વેદ અને સંજ્વલનના ચોકનો બંધ કેટલા ગુણસ્થાન સુધી થાય અને બંધવિચ્છેદ કયાં થાય ?

**જ. (૨) છેવટ્ટું સંઘયણ અને નપુંસક પહેલા ગુણસ્થાને જ બંધાય. ૧લા ગુણસ્થાનના છેડે બંધવિચ્છેદ. વજ્રઋષભ નરાચ સંઘયણ ૧ થી ચોથા ગુણ સુધી જ બંધાય. ચોથાના છેડે બંધવિચ્છેદ. મધ્યના ચાર સંઘયણ અને સ્ત્રીવેદ બીજા ગુણસ્થાન સુધી જ બંધાય. બીજાના છેડે બંધવિચ્છેદ. પુરુષવેદ૧થી ૯માના પહેલા ભાગ સુધી બાંધે. ૯માના પહેલા ભાગને છેડે બંધ વિચ્છેદ. સં. ક્રોધ ૧થી ૯માના બીજા ભાગ સુધી બાંધે. ૯માના બીજા ભાગને છેડે બંધવિચ્છેદ**

**સંજ્વલન માન ૧થી ૯માના ત્રીજા ભાગ સુધી બાંધે. ૯માના ત્રીજા ભાગને છેડે બંધવિચ્છેદ**

**માયા ૧થી ૯માના ચોથા ભાગ સુધી બાંધે. ૯માના ચોથા ભાગને છેડે બંધવિચ્છેદ**

**લોભ ૧થી ૯માના ચોથા ભાગ સુધી બાંધે. ૯માના ચોથા ભાગને છેડે બંધવિચ્છેદ**

(૩) મહાવિદેહના સાધુ કેવળજ્ઞાનાવરણીય ક્યાં ગુણસ્થાનક સુધી બાંધે ? બંધવિચ્છેદ ક્યાં થાય?

**જ. (૩) સાધુને ૬ થી ૧૦મા ગુણસ્થાન સુધી કેવળજ્ઞાનાવરણીય બંધાય દસમાના છેડે બંધવિચ્છેદ.**

(૪) પાંચમા ગુણસ્થાનકે ઔદારિક શરીરનો બંધ શા માટે ન થાય ?

જ. (૪) પાંચમે ગુણસ્થાનકે રહેલા મનુષ્ય તિર્યંચ દેવગતિનું જ આયુષ્ય બાંધે છે તેમને ત્યાં દેવગતિમાં ઔદારિક શરીર હોતું નથી. માટે ઔદારિક શરીરનો બંધ ન કરે.

(૫) ત્રીજા ગુણસ્થાને આયુષ્યનો બંધ શા માટે ન થાય ?

જ. (૫) ત્રીજા ગુણસ્થાને ઘોલના પરિણામ નથી માટે આયુષ્યનો બંધ સામાન્યથી ચડતા ઉતરતા અદ્યવસાયની પરંપરા (ઘોલના પરિણામ)થી બંધાય છે. ત્રીજે ગુણસ્થાને ઘોલના પરિણામનો અભાવ છે. માટે આયુષ્યનો બંધ ન થાય.

---

**પ્ર. : ૨. શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) સમારંભક્રિયા કેટલા પ્રકારની છે ? કઈ કઈ ? સમજાવો

જ. (૧) સમારંભકિયા ૨૭ પ્રકારની છે - મેં પાપકર્મ કર્યું, હું પાપકર્મ કરાવીશ અને પાપકર્મ કરતાને અનુમોદુ એ ત્રણ કરણ તથા ત્રણ કાળના ભેદ ભૂત, ભવિષ્ય, વર્તમાન, ત્રણ યોગ એટલે મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું એ ૨૭ ભેદ થયા. મનથી કરવું નહીં, કરાવવું નહિ અને અનુમોદવું નહિ એ ત્રણ ભેદ ૩ + વચનથી
કરવું નહીં, કરાવવું નહીં, અને અનુમોદવું નહિ એ ત્રણ ભેદ + કાયાથી કરવું નહીં, કરાવવું નહીં અને અનુમોદવું નહીં એ ત્રણ ભેદ = નવ ભેદ.
એ નવ ભેદ વર્તમાનના + નવ ભૂતકાળના + નવ ભવિષ્યકાળના = ૨૭ થયા.

(૨) (અ) અત્થિ સત્થં પરેણ પરં અને (બ) જે ગુણે સે મૂલટ્ઠાણે, જે મૂલટ્ઠાણે સે ગુણે આ બે સૂત્રનો અર્થ લખો.

જ. (૨) (i) શસ્ત્ર એકથી વધીને એક વધુ ને વધુ તીક્ષ્ણ હોઈ શકે છે. (i) જે ગુણ છે અર્થાત્ પાંચ ઈન્દ્રિયના વિષય છે તે જ કષાયરૂપ સંસારનું મૂળસ્થાન છે. જે મૂળસ્થાન છે તે જ ગુણ છે.

---

**પ્ર. ૩ :** (૧) મહાબલના છ મિત્ર ક્યાં ઉત્પન્ન થયા ?

જવાબ : ૩. (૧) **મહાબલના છ મિત્ર** (૧) અચલ - ઇક્ષ્વાકુદેશમાં પ્રતિબદ્ધ રાજા તરીકે (૨) ધરણ - અંગદેશમાં ચંદ્રચ્છાય રાજા તરીકે (૩) અભિચંદ્ર - કાશી દેશમાં
- શંખરાજા તરીકે (૪) પૂરણ - કુણાલદેશ રુક્મિરાજા તરીકે (૫) વસુ-કુરૂ દેશમાં અદીનશત્રુ રાજા તરીકે (૬)વૈશ્રવણ પાંચાલ દેશમાં જિતશત્રુ રાજા તરીકે ઉત્પન્ન થયા.

(૨) મહાબલ આદિ સાત અણગારોએ કયું તપ કર્યું ?

જ. (૨) મહાબલ આદિ સાત અણગારોએ વીસ સ્થાનકની આરાધના, બારભિક્ખુની પડિમા, લઘુસિંહ નિષ્ક્રીડિત તપ અને મહાસિંહ નિષ્ક્રીડિત તપની ચાર-ચાર પરિપાટીઓ આદિ ઉગ્ર તપશ્ચર્યાઓ કરી છેલ્લે બે માસનું સંલેખના તપ કર્યું.

(૩) ઔદારિક શરીરના પુદ્ગલોનું પરિણમન કેવું છે?

જ. (૩) ઔદારિક શરીરના પુદ્ગલોનું પરિણમન અનિષ્ટ છે. કફ, વમન, પિત્ત, શુક્ર, શોણિત, પરુ આદિનું વારંવાર નિઃસરણ થાય તેવું છે. અશુચિરૂપ મૂત્ર અને દુર્ગંધિત મળથી પરિપૂર્ણ છે. સડવું, પડવું, છેદન કરવું, નષ્ટ થવું તેનો અભાવ છે.

(૪) ચોક્ષા કોણ હતી ? એણે શું ઉપદેશ આપ્યો ?

જ. (૪) ચોક્ષા ઋગ્વેદાદિ ચાર વેદ વગેરે શાસ્ત્રોને જાણનારી પરિવ્રાજિકા હતી. દાનધર્મ, શૌચધર્મ અને તીર્થસ્થાનનો ઉપદેશ આપતા કહેતી હતી કે અમારા મનમાં જે કોઈ પણ વસ્તુ અપવિત્ર થઈ જાય તેને જળથી અને માટીથી શુદ્ધ પવિત્ર કરાય છે. સ્નાનાદિ ધર્મનું પાલન કરવાથી અમે નિર્વિઘ્ને સ્વર્ગમાં જઈ શકીએ છીએ.

(૫) દેશનિકાલ થયેલો ચિત્રકાર ક્યાં ગયો ? શું પરિણામ આવ્યું ?

જ. (૫) દેશનિકાલ થયેલો ચિત્રકાર કુરુદેશમાં હસ્તિનાપુર નગરમાં અદીનશત્રુ રાજા પાસે ગયો. ત્યાં દેશનિકાલનું કારણ ચિત્રલબ્ધિને કારણે મલ્લિકુમારીનો અંગૂઠો જોઈને આબેહૂબ ચિત્ર દોર્યું જે કુંભરાજાને અયોગ્ય લાગતાં દેશનિકાલ કર્યો. પોતે દોરેલું ચિત્ર અદીનશત્રુ રાજાને બતાવ્યું જે જોઈને રાજા અનુરાગયુક્ત થયા અને દૂતને મિથિલા નગરી મોકલ્યો.

(૬) આ અધ્યયનનો ઉપસંહાર લખો.

જ. (૬) ઉગ્ર તપવાન, સંયમવાન અને ઉત્કૃષ્ટ ફળને મેળવનાર સાધક જીવ પણ જો સૂક્ષ્મ અને ધર્મવિષયક પણ માયા કરે તો એ માયા એમના માટે અનર્થનું કારણ બને છે. મલ્લિકુમારીએ મહાબલના ભવમાં તીર્થંકરનામકર્મ બાંધ્યું છતાં માયાને કારણે સ્ત્રીપણે જન્મવું પડ્યું.

(૭) મલ્લીકુમારની દીક્ષાનું વર્ણન લખો.

**જ. (૭) મલ્લી ભગવતી માતાપિતાની આજ્ઞા લઈને મનોરમા શિબિકા પર આરૂઢ થઈને સહસ્ત્રામ્રવન નામના ઉદ્યાનમાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ સમીપે આવીને સમસ્ત આભરણો દૂર કરી સ્વયંજ પંચમુષ્ટિ લોચ કર્યો. સિદ્ધોને નમસ્કાર કરી સામાયિક ચારિત્ર અંગીકાર કરીને દીક્ષા લીધી (કે તરત જ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.)**

(૮) પિશાચનું રૂપ અને વાણી કેવાં હતાં ? તેણે શું કર્યું ?

**જ. (૮) પિશાચનું રૂપ તાડ જેવું હતું. ભુજાઓને અફળાવતા, ગર્જના, અટ્ટાહાસ્ય કરતા અત્યંત કઠોર, અપ્રિય, બીભત્સ વાણીથી તિરસ્કાર કરતો હતો. તેણે અર્હન્નક શ્રાવકને ૧૨ વ્રતનો ત્યાગ કરવા કહ્યું. એમ ન કરે તો વહાણને ઉછાળીને ડૂબાડવાની ધમકી આપી. શ્રાવક મક્કમ રહેતા વહાણને સાત-આઠ માળ જેટલું અધ્ધર ઉપાડીને પછી થાકીને નીચે મૂકી દીધું.**

## અથવા

**નિરયાવલિકાના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) :**

(૧) નિરયાવલિકા કેટલામું ઉપાંગ છે ? કાલિક છે કે ઉત્કાલિક ?
અધ્યયન કેટલા છે ? તેમાં કઈ નગરીના કયા રાજાનું વર્ણન છે ?

**જ. (૧) આઠમું ઉપાંગ છે. કાલિક છે ૧૦ અધ્યયન છે. ચંપા નગરીના કોણિક રાજાનું.**

(૨) રથમૂસલ સંગ્રામનું વર્ણન લખો.

**જ. (૨) રથમૂસલ સંગ્રામમાં ત્રણ હજાર હાથી, ત્રણ હજાર રથો, ત્રણ હજાર ઘોડા અને ત્રણ કરોડ મનુષ્ય લઈને ગરૂડવ્યૂહ રચ્યોહતો.**

૩) કાલી રાણી કેવી રીતે ભગવાન પાસે જવા નીકળી ?

**જ. (૩) કાલીદેવી સ્નાન કરી, બલિકર્મ કરીને અલ્પ કિંતુ મહામૂલ્યવાન આભૂષણોથી આભૂષિત થઈને અનેક કુબજા દાસીઓ આદિ મહત્તરક વૃંદથી ઘેરાઈને અંતઃપુરમાંથી નીકળી ધર્માયાન પર આરૂઢ થઈ પરિવારજનો સાથે ચંપાનગરીની મધ્યમાંથી પસાર થઈને ભગવાન પાસે જવા નીકળી.**

(૪) કાલકુમાર શું કરતા મૃત્યુ પામ્યા ત્યારે કઈ લેશ્યામાં ક્યાં ઉત્પન્ન થયા,
ત્યાં કેટલી સ્થિતિ પ્રાપ્ત થઈ ?

**જ. (૪) કાલકુમાર કોણિકરાજાની સાથે યુદ્ધ કરતાં કરતાં મૃત્યુ પામ્યા. નીલ લેશ્યામાં ચોથી પંકપ્રભા નામક પૃથ્વીમાં હેમાલ નામે નરકમાં દસ સાગરોપમની સ્થિતિ પામ્યા.**

(૫) ચેલણાને શું દોહદ થયો ?

**જ. (૫) શ્રેણિકરાજાના કલેજાનું માંસ શૂળ પર ચડાવી તેલમાં તળીને અગ્નિમાં શેકીને મદિરા સાથે પ્રસન્ન થઈને આસ્વાદન કરે એવો દોહદ ચેલણાને થયો.**

(૬) શ્રેણિક રાજાએ ચેલ્લણાને કેવી વાણીથી આશ્વાસન આપ્યું ?

**જ. (૬) શ્રેણિક રાજાએ આશ્વાસન આપતાં કહ્યું, 'હે દેવાનુપ્રિયે, તમે ભગ્ન મનોરથ થઈને ચિંતા ન કરો હું એવોજ પ્રયત્ન કરીશ કે જેથી તમારા દોહદની પૂર્તિ થઈ જાય' એમ ઈષ્ટ કાંત, પ્રિય, મનોજ્ઞ, મનામ, ઉદાર આદિ સુંદર વાણીથી આશ્વાસન આપ્યું.**

(૭) કોણિકે ચેલ્લણા રાણી પાસેથી પોતાના પિતાનું સ્નેહરાગયુક્તનું વૃત્તાંત સાંભળીને
માતાને શું કહ્યું ?

**જ. (૭) કોણિકે માતાને કહ્યું કે, 'હે માતા ! દેવસમાન, ગુરુજનસમાન અને અત્યંત અનુરાગ રાખવાવાળા એવા પિતા શ્રેણિકરાજાને કદેખાનામાં નાખીને મેં અત્યંત દુષ્ટ કર્યા કર્યું છે. આથી હું હમણાં જાઉં છું અને સ્વયં મારા હાથેથી રાજા શ્રેણિકની બેડી કાપું છું.**

---

**પ્ર. : ૪. ઠાણાંગ સૂત્રના આધારે લખો (કોઈ પણ પાંચ) :**

(૧) નારકી કયા ૪ કારણે મનુષ્યલોકમાં આવી શકતા નથી ?

**જ. (૧) (i) નરકમાં તત્કાળ ઉત્પન્ન થયેલ નૈરયિક અચાનક સામેથી આવેલી મહાવેદના (ક્ષેત્રવેદના) વેદતો થકી મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરે છે પણ આવી શકતો નથી.**

**(ii) નરકમાં તત્કાળ ઉત્પન્ન થયેલ નૈરયિક નરકપાલ (પરમાધામી) દેવો દ્વારા વારંવાર પીડિત થતા થકા મનુષ્યલોકમાં શીઘ્ર આવવાની ઈચ્છા કરે છે પરંતુ આવી શકતા નથી.**

(iii) એ જ રીતે નરકમાં વધેલા યોગ્ય કર્મો ક્ષય ન થયા હોવાથી, એને ન વેદવાથી એની નિર્જરા ન થવાથી મનુષ્યલોકમાં આવવા સમર્થ નથી.
(iv) પૂર્વોક્ત રીતે નરકનું આયુષ્ય ક્ષય ન થવાથી એને ન વેદવાથી નિર્જરા ન થવાથી મનુષ્યલોકમાં આપવા માટે સમર્થ નથી હોતા.

(૨) ધર્મકથા કેટલા પ્રકારની છે ?

જ. (૨) ધર્મકથા ચાર પ્રકારની છે (૧) આક્ષેપણી કથા શ્રોતાને મોહથી તત્ત્વ તરફ આકર્ષવાની કથા
(૨) વિક્ષેપણી - સન્માર્ગના ગુણો અને કુમાર્ગના ગુણો અને કુમાર્ગના દોષો બતાવીને કુમાર્ગથી સુમાર્ગ તરફ વાળવાની કથા (૩) સંવેગકથા - કામભોગોનાં કટુફળ બતાવીને શ્રોતામાં વૈરાગ્યભાવ ઉત્પન્ન કરવાવાળી કથા (૪) નિર્વેદની કથા - આલોક અને પરલોકમાં પુણ્યપાપનાં શુભાશુભ ફળ બતાવીને સંસારથી ઉદાસીનતા ઉત્પન્ન કરવાવાળી કથા.

(૩) સુખશય્યા કેટલા પ્રકારની છે ?

જ. (૩) સુખશય્યા ચાર પ્રકારની છે. ચોથી સુખશય્યા - જેમ કે કોઈ પુરુષ મુંડિત યાવત્ પ્રવજિત થઈને મનમાં આ પ્રકારે વિચારો ઉત્પન્ન થાય છે. યથા દષ્ટા નીરોગી, બળવાન, સશક્ત શરીરવાળા અરિહંત ભગવાન અનશન આદિ તપોમાંથી કોઈ એક ઉદાર કલ્યાણકારી, વિપુલ, પયત એટલે કે ઉત્કૃષ્ટ સંયમ સહિત મહાપ્રભાવશાળી કર્મોનો ક્ષય કરવાવાળા તપનો આદર ભાવથી અંગીકાર કરે છે, કારણ કે અભ્યુગમિકી એટલે કે તીવ્ર અતિસાર આદિ રોગોથી થવાવાળી વેદના અને કર્મોદયે પ્રાપ્ત વેદનામાં કોઈ પર ગુસ્સો ન કરીને શાંતિપૂર્વક, દીનતા ન બતાવતા થકો. ધૈર્યથી સમભાવપૂર્વક સહન ન કરવી જોઈએ ? આ અભ્યુગમિક અને ઔપક્રમિક વેદનાને સમભાવપૂર્વક સહન ન કરવાથી ક્ષમા ન કરવાથી, તીતીક્ષા ન કરવાથી અને ધયૈપૂર્વક સહન ન કરવાથી મને શું થશે? મને એકાંતરૂપથી પાપકર્મોનો બંધ થશે.
જો હું અભ્યુગમિકી અને ઔપકમિકી વેદનાને સમભાવપૂર્વક સહન કરી શકું તો મને શું થશે ? મારી એકાંતરૂપે નિર્જરા થશે. આ પ્રમાણે વિચાર કરીને ઉપરોક્ત વેદનાને સમભાવપૂર્વક અવશ્ય સહન કરવી જોઈએ. એ ચોથી સુખશય્યા છે.

---

**પ્ર. : ૫. ઉપાસકદશાંગ સૂત્ર અને શ્રી અંતકૃતદશાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) ચૂલણીપિતા કઈ નગરીના કયા રાજાના શાસન વખતે થયા ? તેમની ઋદ્ધિ કેટલી હતી? એમની પત્ની અને માતાતું નામ શું હતું ? દેવે ઉસપર્ગ આપ્યો ત્યારે શું કરતા હતા ?

જવાબ : ૫ (૧) ચૂલણીપિતા વારાણસી નગરીના જિતશત્રુ રાજાના શાસન વખતે થયા. ઋદ્ધિસંપન્ન હતા. આઠ કરોડનું ધન નિધાનના રૂપમાં આઠ કરોડ વ્યાપારમાં, આઠ કરોડ ઘરવખરી, દશ હજાર ગાયોનું એક વજ એવા આઠ વજ હતા. માતાનું નામ ભદ્રા અને પત્નીનું નામ શામા હતું. દેવે ઉપસર્ગ આપ્યો ત્યારે પૌષધ કરતા હતા.

(૨) ચૂલણીપિતાનું ભવિષ્યકથન લખો.

જ. (૨) **ભવિષ્યકથન :** ૨૦ વર્ષ શ્રાવકપર્યાયનું પાલન કરીને સૌધર્મ દેવલોકમાં વતંસક મહાવિમાનના ઈશાન કોણમાં રહેલ અરુણપ્રભ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં તેની સ્થિતિ ચાર પલ્યોપમની છે. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ બુદ્ધ મુક્ત થશે.

(૩) દેવકીએ ભિક્ષાદાન કેવી રીતે કર્યું ? કેટલી વાર કર્યું ?

જ. (૩) મુનિઓને આવતા જોઈને દેવકીરાણી આસન પરથી ઊભાં થઈને સાત-આઠ ડગલાં સામે ગયાં. હર્ષિત થઈને બોલ્યાં , હું ધન્ય છું કે મારા ઘરે મુનિ પધાર્યા. પછી આનંદિત, સંતુષ્ટ, પ્રસન્ન થઈને વિધિપૂર્વક વંદન નમસ્કાર કરીને મુનિને રસોડામાં લઈ ગયા. સિંહકેસરી મોદક વિધિપૂર્વક વહોરાવ્યા. ત્રણ વાર આ રીતે વહોરાવ્યું.

(૪) દેવકીએ શું આર્તધ્યાન કર્યું ?

જ. (૪) દેવકી આર્તધ્યાન કરવા લાગ્યા કે, ‘વાસ્તવમાં તે માતાઓ ધન્ય છે જેની કુક્ષિમાં ઉત્પન્ન થયેલ બાળકો સ્તનપાન કરવા માટે પોતાની કાલીઘેલી બોલીથી આકર્ષિત કરે છે. મમ્મણ શબ્દ કરતા સ્તનમૃખતા લઈ કાંખમાં અભિસરણ કરે છે. પછી તે મુગ્ધ બાળક પોતાની માતા દ્વારા ગોદમાં બેસીને દૂધ પીતા પીતા માતા સાથે કાલાઘેલા શબ્દોમાં વાત કરે છે અને મીઠી મીઠી બોલી બોલે છે. ‘હું અધન્ય છું, પુણ્યહીન છું. મેં પુણ્ય નથી કર્યું એટલે અમારા સંતાનની બાળક્રીડાના આનંદનો અનુભવ ન કરી શકી.

(૫) કૃષ્ણ મહારાજે બીજે દિવસે ગજસુકુમારમુનિના દર્શન કરવા જતા હતા ૩ ત્યારે રસ્તામાં શું કર્યું ?

**જ. (૫) બીજે દિવસે દર્શન કરવા જતાં કૃષ્ણ વાસુદેવે એક પુરુષ જોયો તે બહુ વૃધ્ધ હતો. વૃદ્ધાવસ્થાને કારણે તેમનો દેહ જર્જરિત થઈ ગયો હતો. તે બહુ દુઃખી હતો. તેના ઘરની બહાર રાજમાર્ગ પર ઇંટોનો એક મોટો ઢગલો હતો તે વૃદ્ધ તે વિશાળ ઢગલામાંથી એકેક ઇંટ ઉપાડીને બહારથી પોતાના ઘરની અંદર લાવતો હતો તે જોઈને કૃષ્ણ વાસુદેવના મનમાં અનુકંપા ઉત્પન્ન થઈ. તેમણે હાથી પર બેઠા બેઠા જ પોતાના હાથથી એક ઇંટ ઉપાડીને તેના ઘરમાં રાખી દીધી. તેમનું આ કાર્ય જોઈને બધાએ ઇંટોના ઢગલાને ઉપાડીને વૃદ્ધના ઘરમાં રાખી દીધો. આમ કૃષ્ણ-વાસુદેવના આ કાર્યથી વૃદ્ધપુરુષનું વારંવાર ચક્કર કાપવાનું દૂર થઈ ગયું.**

(૬) કૃષ્ણ વાસુદેવ નાનાભાઈ સાથે અરિષ્ઠનેમિ પાસે જવા કેવી રીતે નીકળ્યા ?

**જ. (૬) કૃષ્ણવાસુદેવે ભગવાનનું આગમન સાંભળીને સ્નાન કર્યું, વસ્ત્રાભૂષણથી અલંકૃત થઈને પોતાના નાના ભાઈ ગજસુકુમાર સાથે હાથી પર બેઠા. કરેણ ફૂલોની માળાથી યુક્ત છત્ર તથા ચામરોથી સુશોભિત થઈને અરિષ્ઠનેમિ ભગવાનના દર્શને જવા નીકળ્યા.**

(૭) ગજસુકુમારના માથા પર અંગારા મૂકાણા પછી ગજસુકુમારે શું કર્યું ?

**જ. (૭) માથા પર મૂકેલા અંગારાથી ગજસુકુમાર મુનિના શરીરમાં મહાવેદના થઈ. તે વદના અત્યંત દુઃખમય, જાજવલ્યમાન અને અસહ્ય છતાં પણ ગજસુકુમાર મુનિ સોમિલ બ્રાહ્મણ પર લેશમાત્ર દ્વેષ ન કરતા, સમભાવપૂર્વક વેદના સહન કરવા લાગ્યા. શુભ પરિણામ તથા શુભ અધ્યવસાયોથી તથા આત્માના ગુણોનો ઘાત કરવાવાળા કર્મોનો નાશ થવાથી તેમને અપૂર્વકરણમાં પ્રવેશ કર્યો અને તેનાથી પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન કેવળદર્શન ઉત્પન્ન થયું. સકલ કર્મોના ક્ષયથી ગજસુકુમાર મુનિએ કૃતકૃત્ય બની સિદ્ધ પદને પ્રાપ્ત કર્યું અને સર્વ દુઃખથી મુક્ત થઈ મોક્ષને પ્રાપ્ત થયા.**

---

**પ્ર. : ૬. દશવૈકાલિક સૂત્ર :**

**(અ) ગાથા પૂરી કરો :**

(૧) આસીવિસો .....મોક્ખો (૨) લજ્જા ..... પૂયયામિ (૩) પેહેઈ .....આયયટ્ઠિએ.

**જવાબઃ(અ) (૧) આસીવિસો વા વિ પરં કિં શ્રીવણાસક પરં ણુ કુજ્જા ।**
**આયરિયપાયા પુણ અપ્પસણ્ણા, અબોહિ આસાયણ ણત્થિ ઓક્ખો ॥**

**(૨) લજ્જા-દયા-સંજમ-બંભચેરં, કલ્લાણભાગિસ્સ વિસોહિઠાં ।**
**જે મે ગુરુ સયયમણુસાસયંતિ, તેડહું ગુરું સયયં પૂયયામિ ॥**

**(૩) પેહેઇ હિયાણુસાસણં, સુસ્પૂસઈ તં ચ પુણો અહિ઼એ ।**
**માણમએણ મજ્જઈ, વિણયસમાહિ આયયી઼એ ॥**

**(બ)** (૧) ધર્મરૂપી વૃક્ષ કેવું છે ?

**જવાબઃ(બ) (૧) ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. સર્વોત્તમ ફળ મોક્ષ છે. વિનયરૂપી મૂળ દ્વારા વિનયવંત શિષ્યને કીર્તિ અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે.**

(૨) દેવના વિનય-અવિનયના ગુણદોષ લખો.

**જ. (૨) જે અવિનીત હોય છે તે આયુષ્ય પૂરૂં કરીને વૈમાનિક અથવા જ્યોતિષો, દેવ, યક્ષાદિ વ્યંતર દેવ તથા ભવનપતિ વગેરે ગુહ્યક દેવ થવા છતાં પણ મોટી પદવી ન મળવાથી મોટા દેવોના સેવક બનીને તેમની સેવા કરતા તેમજ અનેક પ્રકારના દુઃખો ભોગવતા દેખાય છે.**

**જે સુવિનીત છે તેઓ દેવ, યક્ષ, ભવનપતિ જાતિના ગુહ્યદેવ બનીને તેમાં પણ સમૃદ્ધિવાન તેમ જ મહાયશસ્વી હોય છે અને સુખ ભોગવતા દેખાય છે.**

(૩) કેવા સાધુ પૂજ્ય બને છે ? કોઈ પણ એક પ્રસંગ લખો :

**જ. (૩) અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિમાં સાવધાન રહે છે તે રીતે જે શિષ્ય આચાર્ય મહારાજની સેવાસુશ્રૂષા કરવામાં હંમેશા સાવધ રહે છે તેમ જ ગુરુની દૃષ્ટિ અને ચેષ્ટાને જાણીને આચાર્ય મહારાજના અભિપ્રાયોને અનુકૂળ આરાધના કરે છે તે પૂજ્ય બને છે.**

**(i) જે શિષ્ય આચારપ્રાપ્તિ માટે ગુરુ મહારાજના વિનયભક્તિ કરે છે અને તેમની સેવા કરતાં તેમની આજ્ઞા સ્વીકારે છે અને તેમની ઇચ્છા અનુસાર કાર્ય કરે છે અને ગુરુ મહારાજની અશાતના કરતા નથી તે પૂજ્ય બને છે.**

(૪) કોણ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરે છે ?

**જ. (૪) નિર્ગંથ પ્રવચનમાં નિપૂણ, જ્ઞાનમાં કુશળ, વિનીત અને સાધુઓને વિનય વૈયાવચ્ચ કરનારા મુનિ આ લોકમાં ગુરુ મહારાજની સતત સેવા કરીને પૂર્વકૃત કર્મરજનો ક્ષય કરીને અનંત જ્ઞાનજયોતિથી દેદીપ્યમાન સર્વશ્રેષ્ઠ અતુલ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.**

---

**પ્ર. : ૭. ભગવતી સૂત્રના થોકડાના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ)**

(૧) આચાર ધર્મના કેટલા ભેદ છે ? કયા ક્યા ?

**જ. (૧) આચાર ધર્મના પાંચ ભેદ છે - જ્ઞાનચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વિર્યાચાર.**

(૨) દર્શનાચારના ૧, ૩, ૫, ૭ એ ચાર લખો.

**જ. (૨) ૧) નિઃશંકિત-જૈનધર્મમાં શંકારહિતપણું ૨) નિર્વિચિકિત્સા-કરણીના ફળનું સંદેહરહિતપણું, ૩) ઉપબૃંહણા - સ્વધર્મની પ્રશંસા કરે ૪) વાત્સલ્ય - સ્વધર્મની ભક્તિ કરે.**

(૩) સંયમ જીવનના મળ ગુણ કેટલા છે ? કયા કયા?

**જ. (૩) સંયમજીવનના મૂળ ગુણ ૭૦ છે - ૫ મહાવ્રત, ૧૦ યતિધર્મ, ૧૭ સંયમ, ૧૨ તપ, ૧૦ વૈયાવચ્ચ, ૩ જ્ઞાન-દર્શન-ચારિત્ર, ૯ બ્રહ્મચર્યની વાડ, ૪ કષાયનો નિગ્રહ = ૭૦.**

(૪) પાંચમા ગુણસ્થાને કેટલા આત્મા ? કયા કયા ?

**જ. (૪) પાંચમા ગુણસ્થાને ૭ આત્મા હોય. દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા દર્શનાત્મક અને વીર્યાત્મા.**

(૫) સુદકખુ જાગરિકા કોને કહેવાય ?

**જ. (૫) સુદકખુ જાગરિકા - સુ કહેતા ભારી અને દક્ખુ કહેતાં ચતુરાઈવાળી જાગરિકા, એ જાગરિકા શ્રાવકને હોય કારણ કે સમ્યગ્ જ્ઞાન-દર્શનસહિત ધન, કુટુંબાદિક તથા વિષાય કષાયને ખોટા જાણે છે, દેશતી નિવર્ત્યા છે, ઉદયભાવથી ઉદાસીનપણે રહે છે. ત્રણ મનોરથ ચિંતવે છે તે સુદક્ખુ જાગરિકા કહે છે.**

(૬) દર્શન આત્મા અને ચારિત્ર આત્માની વ્યાખ્યા લખો.

**જ. (૬) દર્શન આત્મા - ચક્ષુ આદિ ચાર પ્રકારા દર્શનમાં ઉપયોગ પ્રવર્તે તેને દર્શનાત્મા કહે છે. ચારિત્ર આત્મા - સામાયિક આદિ ચારિત્રમાં પ્રવર્તે ત્યારે ચારિત્રાત્મા હોય. સાધુને સર્વવિરતિ સંયમ હોય. શ્રાવકને દેશવિરતિરૂપ આંશિક ચારિત્ર હોય છે.**

(૭) પાંચેય ગતિમાં દરેક ગતિમાં કેટલા આત્મા હોય ?

**જ. (૭) મનુષ્યગતિમાં આઠેઆઠ આત્મા હોય. દેવ-નારકી -તિર્યંચમાં ચારિત્રાત્મા સિવાયના સાત આત્મા હોય. સિદ્ધગતિમાં ચાર આત્મા હોય. દ્રવ્યાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા અને દર્શનાત્મા.**

---

**પ્ર. : ૮. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના થોકડાના આધારે જવાબ લખો :**

(૧) સંવુડા આદિ ત્રણ પ્રકારની યોનિના અર્થ લખી ૨૪ દંડકમાં કોને કઈ કઈ યોનિ હોય છે તે લખો તથા તેનો અલ્પબહુત્વ લખો.

**જ. (૧) સંવુડા = ઢાંકી, વિયડા = ઉઘાડી, સંવડાવિગડ = કાંઇક ઢાંકી, કાંઈક ઉઘાડી, પાંચ સ્થાવર, દેવતા અને નારકીમાં એક સંવુડા ત્રણ વિક્લેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં એક વિયડા યોની, સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્યમાં યોનિ એક સંવુડાવિયડા.**

**અલ્પબહુત્વ : સર્વથી થોડા સંવુડા વિયડા (અસંખ્યાતા) તેથી વિયડા યોનિયા અસંખ્યાતગુણા તેથી અયોનિયા અનંતગુણા તેથી સંવુડા યોનિયા અનંતગુણા.**

(૨) કચ્છ, વંશપત્તા, શંખાવર્ત યોનિ કોને કહેવાય ? તે કોને કોને હોય ?

**જ. (૨) ૧) શંખાવર્ત - શંખના આવર્તની જેમ વળેલી ૨) કચ્છા (કર્મોન્નત) કાચબાની પીઠની જેમ ઉપસેલી ૩) વંશપતા-વાંસના પાંદડાને આકારો.**

**ચક્રવર્તીની સ્ત્રીરત્નની શંખાવર્ત યોનિ તે યોનિવાળીને સંતાન ન થાય. ૬૩ શલાકા, (૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ)ની માતાની કચ્છા યોનિ સર્વ સંસારી જીવોની માતાને વંશપતા યોનિ હોય.**

(૩) ઈરવતના મનુષ્ય, સંમુચ્છિંમ મનુષ્ય, બાદર તેઉકાય અપર્યાપ્તા, સંજ્ઞી હાથી, સૂક્ષ્મ નિગોદ અને બેઈન્દ્રિય તે છનો ઉપપાત્ અને સમુદ્ઘાત લખો.

**જ. (૩)**

| **જીવભેદનું નામ** | **ઉવપાત** | **સમુદ્‌ઘાત** |
|---|---|---|
| ૧) ઈરવતના મનુષ્ય | લોકનો અસં ભાગ | સંપૂર્ણ લોકમાં |
| ૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય | લોકનો અસં ભાગ | લોકનો અસં ભાગ |
| ૩) બાદર તેઉકાય અપર્યાપ્તા | બે ઊર્દ્વકપાટ તથા તેના તિર્ચ્છા લોકમાં | સંપૂર્ણ લોકમાં |
| ૪) સંજ્ઞી હાથી | લોકનો અસં ભાગ | લોકનો અસં ભાગ |
| ૫) સૂક્ષ્મ નિગોદ | સંપૂર્ણ લોકમાં | સંપૂર્ણ લોક |
| ૬) બેઈન્દ્રિય | લોકનો અસં ભાગ | લોકનો અસં ભાગ |

**''જય જિનેન્દ્ર''**